| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૪/૦૩/૨૦૨૩ | | |
| નોંધ્યા તારીખ | ૧૪/૦૩/૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ | | |
| સમય | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૪ | ૧૪ |

---

**મહે. જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મુ.માંગરોળ.**

---

**ફોજદારી કેસ નં. ૪૬૭/૨૦૨૩**

**આંક–**

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** :– સિધ્ધરાજસિંહ માનજી ચુડાસમા,
ઉ.વ. ૪૩, ધંધો : ખેતી,
રહે. આરેણા ગામ, ખોડીયાર મંદિરની બાજુમાં,
તા.માંગરોળ, જિ.જૂનાગઢ.

ગુન્હો : **ધી ગુજરાત પ્રોહી. એકટ કલમ – ૬૫(એ)(એ), ૯૮(૨) મુજબ.**

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળી
આરોપી તરફે વિ.વ. શ્રી કે.જે.પરમાર

## <u>ચૂ કા દો</u>

૧. આ કામના ફરિયાદી કિશોરભાઈ મેરામણભાઈ ગળચર, પો. કોન્સ., માંગરોળ પોલીસ સ્ટેશન નાઓએ એવી ફરિયાદ નોંધાવેલ કે, આરોપીએ ગઈ તા.૧૩/૧૧ /૨૦૨૨, કલાક–૦૧/૧૫ વાગ્યે માંગરોળ જેલ ઝાપા પાસે પોતાના હવાલાની કાળા કલરની હોન્ડા એકટીવા રજી.નં. જી.જે.–૧૧–સીકે–૭૦૭૭, કિ.રૂા.૨૫,૦૦૦/– વાળીમાં ગે.કા. રીતે વગર પાસ પરમીટે એક કાપડની થેલીમાં દેશી પીવાના દારૂની કોથળી નંગ–૩૨ દારૂ લીટર–૧૦, કિ.રૂા.૨૦૦/– નો રાખી કુલ કિ.રૂા.૨૫,૨૦૦/– ના મુદ્દામાલ સાથે હેરાફેરી કરતો મળી આવી, આરોપીએ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ), ૯૮(૨) મુજબનો ગુનો કર્યો હોય ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા માંગરોળ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૩૦૩૮૨૨૦૪૧૧/૨૦૨૨ થી આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુનો નોંધી ધોરણસર તપાસ હાથ ધરેલ હતી. જે તપાસના અંતે અદાલતમાં હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હાનું તહોમતનામું આંક–૦૮ થી ફરમાવવામાં આવતા આંક–૦૯ ની પ્લીમા આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગણી કરેલ હતી.

૩. સદરહું કેસના સમર્થન માટે ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો</u>** :–

| ક્રમ | સાહેદનુ નામ | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | પંચસાહેદ ચંદ્દેશ ઉર્ફે ચકો ચંદુલાલ તન્નાની જુબાની | ૧૪ |
| ૨ | પંચનામું | ૧૫ |
| ૩ | પંચસાહેદ જીગ્નેશ ઉર્ફે ટબો લાખાભાઈ વાજાની જુબાની | ૧૬ |
| ૪ | ત.ક.અ. મેરામણભાઈ રામભાઈ વાળાની જુબાની | ૧૮ |
| ૫ | એફ.એસ.એલ. પહોંચ | ૧૯ |
| ૬ | ફરિયાદ | ૨૦ |

૪. ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી વિશેષમા તેઓની સામે ખોટો કેસ કરેલ છે અને તેઓ તદ્દન નિર્દોષ હોવાનું જણાવેલ છે.

૫. ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વકીલશ્રીની દલીલો સાંભળેલ. ત્યાર બાદ કામ આખરી નિર્ણય માટે મુલત્વી રાખવામાં આવેલ છે.

૬. ઉપરોકત હકીકતે સદરહું કામના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

૧. શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા.૧૩/૧૧/૨૦૨૨, કલાક–૦૧/૧૫ વાગ્યે માંગરોળ જેલ ઝાપા પાસે પોતાના હવાલાની કાળા કલરની હોન્ડા એકટીવા રજી.નં. જી.જે.–૧૧–સીકે–૭૦૭૭, કિ.રૂ.૨૫,૦૦૦/– વાળીમાં ગે.કા. રીતે વગર પાસ પરમીટે એક કાપડની થેલીમાં દેશી પીવાના દારૂની કોથળી નંગ–૩૨ દારૂ લીટર–૧૦, કિ.રૂ.૨૦૦/– નો રાખી કુલ કિ.રૂ.૨૫,૨૦૦/– ના

મુદ્દામાલ સાથે હેરાફેરી કરતો મળી આવી, આરોપીએ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ), ૯૮(૨) મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.
૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં. ૧ અને ૨</u> :–**

મુદ્દા નં. ૧ અને ૨ સંયુકત રીતે સંકળાયેલ હોય તેની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

૮.૧ આ કામે આરોપી વિરૂધ્ધનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે. જે જવાબદારીના વહન માટે ફરિયાદ પક્ષ તરફથી સૌપ્રથમ ફરિયાદ પક્ષે આ કામના પંચસાહેદ ચંદ્દેશ ઉર્ફે ચકો ચંદુલાલ તન્ના તેમની આંક–૧૪ તથા પંચસાહેદ જીગ્નેશ ઉર્ફે ટબો લાખાભાઈ વાજા તેમની આંક–૧૬ ની જુબાનીમાં આંક–૧૫ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકત ને સમર્થન કરેલ નથી.

૮.૨ ફરિયાદ પક્ષે આ કામના સાહેદ/ત.ક.અ. શ્રી મેરામણભાઈ રામભાઈ વાળા તેઓની આંક–૧૮ ની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા.

૧૩/૧૧/૨૦૨૨ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટોલીંગમાં હતા દરમિયાન ફરતા ફરતા જેલ ઝાપા પાસે આવતા એક ઇસમ સામેથી મો.સા. લઇને આવતો હોય જે પોલીસને જોઇને ભાગવા જતા તેની ઉપર શંકા જતા તેને રોકી લીધેલ અને મજકુર ઇસમની મો.સા. જોતા હોન્ડા કંપનીનું એકટીવા જેનો રજી.નં. જીજે–૧૧–સીકે–૭૦૭૭ નો હોય અને ગાડીની ડેકીમાં જતા કાપડની થેલીમાં દેશી દારુ જોઇ જેથી બે પંચોના માણસો બોલાવી હકીકતની સમજ કરી પંચો રુબરુ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ સીધ્ધરાજસિંહ માનસિંહ ચુડાસમા, રહે. આરેણા વાળો હોવાનું જણાવેલ જેની પાસેથી દેશી દારુ લી.૧૦, કિ.રુા.૨૦૦/–નો તથા મો.સા.ની કિ.રુા. ૨૫,૦૦૦/– મળી આવતા પંચનામાની વિગતે કબજે કરેલ. આ બાબતે સાથેના પો.કો.કિશોરભાઈ મેરામણભાઇનાઓએ ફરીયાદ કરેલ. તેમને આંક–૧૫ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચોની તથા તેમની સાથેના પી.એસ.આઇ.ની સહી છે જે ઓળખી બતાવે છે. આ ગુનાની તપાસ તેઓને મળતા તેઓએ લાગતા વળગતા પોલીસ સાહેદોના નિવેદનો લીધેલા તેમજ મુદામાલ એફ.એસ.એલ.માં રવાના કરેલ. એફ.એસ.એલ. માંથી મુદામાલ મળી ગયાની પહોંચની ખરીનકલ આ કામે મેળવેલ જે રજુ આંક–૧૯ થી રજુ રાખેલ છે, આ કામે તેઓને તપાસના કામે જે ફરીયાદ મળેલ તે ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઇને કહે છે કે તેમાં ફરીયાદી તરીકે પો.કો. કિશોરભાઈ મેરામણભાઈની સહી છે જે તેઓને તપાસના કામે મળેલ તે જ છે જે ફરીયાદ આંક–૨૧ થી રજુ રાખેલ છે. આરોપીને ગુનાના કામે અટક કરેલ. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. આરોપીને ઓળખે છે.

સદર ફરિયાદી બચાવ પક્ષની ઉલટતપાસમા એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામના બન્ને પંચો રેગ્યુલર પંચો છે. પંચ નં.૩ જી.આર.ડી.માં નોકરી કરે છે. જેલ ઝાપા વિસ્તાર એ માણસોની અને વાહનોની અવર–જવર વાળો વિસ્તાર છે, ત્યાં સહેલાઈથી પંચો મળી શકે છે. આ કામે પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદલો લીધેલ નથી.

૯. આ કામે રજુ થયેલ પુરાવાનું તુલનાત્મક મૂલ્યાંકન કરતા આ કામના ફરિયાદી અને તપાસ કરનાર અમલદાર કે જે પોલીસ વિભાગના અધિકારી/ કર્મચારી છે અને તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૫ થી ૨૭ ની જોગવાઈઓ ધ્યાન લેતાં તે મુજબની આરોપી અગર અન્ય સાહેદોની કબુલાત સ્વરૂપની હકીકત પુરાવામાં ગ્રાહય રાખી શકાય તેમ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરિયાદ પક્ષના સાહેદના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન હોવું આવશ્યક છે. આ કામે પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા નહિ હોવાનું પ્રથમ દર્શનીય છે. આ કામના સાહેદ પોલીસ વિભાગના સાહેદ હોય અને તેઓ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાના સમર્થનના અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. આમ આરોપીનું કોન્શીયશ પઝેશન પુરવાર થતુ નથી. હાલનો મુદ્દામાલ પ્રોહિ. નો જથ્થો મળી આવેલ હોવાની હકીકત શંકાથી પર રહી પુરવાર થતી નથી તેથી હાલના આરોપીના જ પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાંથી આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પ્રોહિ.નો જથ્થો મળી આવેલ હોવાની હકિકત શંકાથી પર રહી સ્પષ્ટપણે પુરવાર થતી નથી. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદાઓ અનુસાર આરોપીનો અનન્ય અને સભાનપણાનો કબજો Exclusive & Conscious Possession પુરવાર થતુ નથી.

૧૦. વધુમાં આ કામે **નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ પટેલ જી.એચ.જે. ૨૦૧૧ ભાગ ૨૬ પાના નં.૧** નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં ઠરાવેલ છે કે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન જડત્ય અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી અને નામદાર હાઈકોર્ટે નિર્દોષ

ઠરાવીને છોડી મુકતાં ચુકાદાને યર્થાથ ઠેરવેલ છે. હાલના કેસમાં પંચો વિમુખ છે. ખુદ ફરિયાદ પક્ષ તે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે કથીત મુદ્દામાલ આરોપીના સભાનપણાનાં કબજા Exclusive & Conscious Possession માંથી કબજે લેવાયેલ છે. આથી આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનું જણાય છે. આમ, આ કામના આરોપી વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે દારૂ પોતાના કબજામાં રાખી રેઈડ દરમિયાન હાજર મળી આવેલ હોય તેવી હકીકતને કોઈ બીજા સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી અને શંકા ઉભી થાય છે. આમ, હાલના આરોપી ફરિયાદ પક્ષના કથનો મુજબ ગેરકાયદેસર બનાવટનો દેશી દારૂ રાખી પોલીસ પેટ્રોલીંગ દરમિયાન મળી આવેલ હોય તેવી હકીકત ફરિયાદ પક્ષે નિ:શંકપણે સાબિત થયાનું કહી શકાય તેમ નથી જેથી આ સંજોગોમાં **મુદ્દા નં. ૧** નો નિર્ણય **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>આ ખ રી હુ ક મ</u> ::-**

૧. આ કામના આરોપી સિધ્ધરાજસિંહ માનજી ચુડાસમા, રહે. આરેણા ગામ, ખોડીયાર મંદિરની બાજુમાં, તા.માંગરોળ, જિ.જૂનાગઢ નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ-૨૪૮(૧) મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(એ), ૯૮(૨) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામા આવેલ મુદ્દામાલ પૈકી કાળા કલરની હોન્ડા એકટીવા સંબંધે જો અગાઉ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવો તથા જો હુકમ કરવામાં આવેલ ન હોય તો મુદ્દામાલના માલિકની યોગ્ય ખરાઈ કરી નિયમોનુસાર સંબંધીત પોલીસ સ્ટેશનનાઓએ તેને પરત સોંપવો, જો મુદ્દામાલ માલિક મળી ન આવે તો તે મુદ્દામાલની નિયમોનુસાર હરાજી કરી જે રકમ પ્રાપ્ત થાય તે સરકાર ખાલશા કરવી તથા અન્ય કબજે કરવામાં આવેલ

પ્રોહી. મુદ્દામાલનો અપિલ સમય વિત્યાબાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ જામીન આપેલ હોય તો તે હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અન્યથા આરોપીએ રૂા.૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજરોજ **તારીખ : ૨૮ મી, માહે: જુલાઈ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

**મુ.માંગરોળ.**
**તા.૨૮/૦૭/૨૦૨૬.**

**(એસ.પી.ચોપરા)**
**જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**માંગરોળ**
**કોડ જીજે ૦૧૩૭૭.**